| GJJM010031052025 | સત્યમેવ જયતે | દાખલ તારીખ | : | ૦૫/૦૮/૨૦૨૫ | | |
|---|---|---|---|---|---|---|
| | | નોંધ્યા તારીખ | : | ૦૫/૦૮/૨૦૨૫ | | |
| | | ફેસલ તારીખ | : | ૨૯/૦૫/૨૦૨૬ | | |
| | | અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૦ | ૦૯ | ૨૪ |

**મહે. બીજા એડિશ્નલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રી વી.પી.અગ્રવાલ સાહેબની કોર્ટમાં,**
**મુ.જામનગર**

**ક્લેઈમ દરખાસ્ત નં.૪૭/૨૦૨૫**

**આંક–૩૫**

**અબ્દુલભાઇ ઉમરભાઇ મલેક,**
ઉ.વ.૪૭, ધંધો–મજૂરી,
રહે.જવાહર નગર–૨, શાળા નં.૪૦ પાસે,
એમ.પી.શાહ ઉદ્યોગનર, સરુ સેકશન રોડ,
જામનગર

**....... દરખાસ્ત વાદી**

વિરુદ્ધ

**દીલીપભાઇ અમરશીભાઇ સરવૈયા,**
ઉ.વ.પ૨, ધંધો– વેપાર
રહે.દેવ રોડવેઝ, બંસી કોમ્પલેક્ષ, પહેલો માળ,
નેશનલ હાઈવે ૮(એ), કુવાડવા રોડ, રાજકોટ

**....... દરખાસ્ત પ્રતિવાદી**

**બાબત :– હુકમનામાની બજવણી અંગેની દરખાસ્ત ....**

**દરખાસ્ત વાદીના વકીલશ્રી આર.આર.રાવલ**

**દરખાસ્ત પ્રતિવાદીના વકીલશ્રી એસ.આર.બેલીમ**

**૧.** હાલની દરખાસ્ત અરજી દરખાસ્ત વાદી અબ્દુલભાઇ ઉમરભાઇ મલેક દ્વારા ક્લેઈમ કેસ નં.૪૫/૨૦૧૫ ના કામે તા.૩૦/૦૬/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ હુકમનામા મુજબ દરખાસ્ત પ્રતિવાદીઓએ અરજી કર્યાના રૂ.૨,૭૨,૮૬૮/– ની રકમ ૯% વ્યાજે ૩૦ દિવસમાં જમા કરાવવાનો હુકમ કરેલ અને અન્વયે હુકમનામું દોરવામાં આવેલ. તે મુજબ વ્યાજ સહિત રકમ રૂ.૫,૩૩,૨૧૮/– થાય છે. નામદાર કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ

મુજબ રૂા.૫,૩૩,૨૧૮/- તથા ખર્ચ પેટે રૂા.૧૬,૯૧૬/- કુલ મળી રૂા.૫,૫૦,૧૩૪/-(અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર એકસો ચોત્રીસ પુરા) રકમ જમા કરાવવા દરખાસ્ત પ્રતિવાદીને હુકમ કરેલ હોવા છતાં આ રકમ જમા કરાવેલ ન હોય પ્રતિવાદીની મિલકતો જપ્ત કરાવી તેની હરરાજી કરાવી દરખાસ્ત મુજબની રકમ દરખાસ્ત ચાલતા સુધીની વ્યાજ સાથે અપાવવા વિકલ્પે દરખાસ્ત પ્રતિવાદીને સિવિલ જેલની સજા ફરમાવતો હુકમ ફરમાવવા હાલની અરજી કરવામાં આવેલ.

**૨.** હાલની દરખાસ્ત અરજી દાખલ થતાં દરખાસ્ત પ્રતિવાદી દિલીપભાઇ અમરશીભાઇ સરવૈયાને નોટિસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ. જે નોટિસ બજી જતાં દરખાસ્ત પ્રતિવાદી તેમના વકીલશ્રી મારફત હાજર રહેલા. ત્યારબાદ તેઓ દ્વારા દરખાસ્ત મુજબની કોઇ રકમ જમા કરેલ ન હોય, દરખાસ્ત પ્રતિવાદી વિરુદ્ધ મિલકત જપ્ત કરી દરખાસ્ત મુજબની દરખાસ્ત વાદીની લેણી રકમ વસુલ મેળવવા માટે મિલકત જપ્તીનું વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ. જે વોરંટ દરખાસ્ત પ્રતિવાદી પાસે દરખાસ્ત મુજબના પૈસા ચુકવવા માટે પૈસા ન હોય કે કોઇ મિલકત ન હોય વોરંટ વગર અમલે પરત આવેલ. ત્યારબાદ દરખાસ્ત વાદીના વકીલશ્રી દ્વારા દરખાસ્ત પ્રતિવાદીને સિવિલ જેલમાં બેસાડવા માટે આંક-૨૧ થી અરજી કરેલ. જે અરજી અન્વયે થયેલ હુકમ મુજબ દરખાસ્ત પ્રતિવાદીને સિવિલ જેલમાં બેસાડવા માટે રૂા.૨૧,૦૦૦/- (અંકે રૂપિયા એકવીસ હજાર પૂરા) નામદાર કોર્ટમાં જમા કરાવેલ. ત્યારબાદ દરખાસ્ત પ્રતિવાદીને દરખાસ્તના એરેસ્ટ વોરંટના આધારે પકડીને રજૂ કરતાં નામદાર કોર્ટ દ્વારા તા.૧૭/૦૪/૨૦૨૬ ના રોજ આંક-૧ લગત હુકમ કરી દરખાસ્ત પ્રતિવાદીને દિન-૩૦ માટે સિવિલ જેલમાં રાખવાનો હુકમ કરવામાં આવેલ

**3.** ત્યારબાદ દરખાસ્ત પ્રતિવાદી દ્વારા તા.૧૮/૪/૨૦૨૬ ના રોજ આંક-૩૦ થી અરજી રજૂ કરી જણાવેલ કે, સને ૨૦૨૪ ની સાલમાં તેઓને હાર્ટ એટેક આવેલ જેની દવા અને સારવાર ચાલુ છે. તેમજ સને ૨૦૨૫ ની સાલમાં પેરાલીસીસનો એટેક આવેલ જેના કારણે તેમનો જમણો હાથ કામ કરતા બંધ થઇ ગયેલ અને તેની પણ સારવાર અને દવાઓ લેવી પડે છે અને

પેરાલીસીસના કારણે ડાબી આંખનું ઓપરેશન કરાવવું પડેલ છે. દરખાસ્ત પ્રતિવાદી દ્વારા રાજકોટ હોસ્પિટલમાં દાખલ થાય તે દરમિયાન નામદાર કોર્ટ દ્વારા જેલમાં મોકલવા અંગે હુકમ થતાં તેઓ જેલમાં હતા. દરમિયાન તેઓને ઓપરેશન કરાવવાની જરુર પડતા તેઓને જામીન ઉપર છોડવા અરજી કરવામાં આવેલ છે. જે અરજી હેઠળ તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ હુકમ કરી તા.૦૧/૦૫/૨૦૨૬ સુધી રૂપિયા પાંચ લાખના સદ્ધર જામીન ઉપર જામીન મુક્ત કરવામાં આવેલ. ત્યારબાદ તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ દરખાસ્ત પ્રતિવાદી આંક–૩૪ ની પુરસીસ રજૂ કરી તેઓ હાજર થતા તેઓને તા.૨૮/૦૫/૨૦૨૬ સુધી સિવિલ જેલમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ દરખાસ્તદારના વકીલશ્રી દ્વારા દરખાસ્ત પ્રતિવાદીની સિવિલ જેલની સજા તા.૨૮/૦૫/૨૦૨૬ ના રોજ પૂરી થઇ ગયેલ હોય, દરખાસ્ત વાદી દ્વારા રૂા.૨૧,૦૦૦/– ડિપોઝીટ રકમ જમા કરાવેલ હોય તેમાંથી દરખાસ્ત પ્રતિવાદીના સિવિલ જેલ દરમિયાન થયેલ ખર્ચ અને ભથ્થા થયેલ ખર્ચ બાદની વધતી રકમ પરત કરવા રજૂઆત કરવામાં આવેલ.

૪. સદર કામે પક્ષકારોના વકીલશ્રીને સાંભળ્યા, રેકર્ડ વંચાણે લીધું. આ કામે દરખાસ્ત વાદી વકીલશ્રી દ્વારા એમ.એ.સી.પી. કેસ નં.૪૫/૨૦૧૫ ના કામે થયેલ હુકમ મુજબની રીકવરી કરવા સારુ દરખાસ્ત પ્રતિવાદી સાથે દરખાસ્ત દાખલ કરતાં દરખાસ્ત અન્વયેની દરખાસ્ત પ્રતિવાદીને રીકવરી વોરન્ટ બજી જતાં હાજર થઇ તેઓ વોરન્ટ મુજબની રકમ રૂપિયા ૫,૫૦,૧૩૪/– (અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર એકસ ચોત્રીસ પૂરા) ભરવા અસમર્થ હોવાનું જણાવેલ. ત્યારબાદ દરખાસ્ત વાદી દ્વારા રકમ ભરવા અસમર્થતા દર્શાવતા નામદાર કોર્ટને દરખાસ્ત પ્રતિવાદીને સિવિલ જેલમાં મુકવા રજૂઆત કરતા, નામદાર કોર્ટ દ્વારા દરખાસ્ત વાદીની અરજીના અનુસંધાને આંક–૧ લગત હુકમ કરી પ્રતિવાદીને રકમ ચૂકવી ન દેતા ૩૦ દિવસની સિવિલ જેલનો આદેશ કરેલ છે. તે અન્વયે રૂા.૨૧,૦૦૦/–(અંકે રૂપિયા એકવીસ હજાર પૂરા) વાદી દ્વારા ડિપોઝીટ કરાવ્યા બાદ આ કામના દરખાસ્ત પ્રતિવાદી વિરુદ્ધ સિવિલ જેલ અન્વયેનું વોરન્ટ ઇસ્યુ કર્યા બાદ દરખાસ્ત પ્રતિવાદીને અત્રેની સિવિલ જેલમાં રાખવામાં આવેલ. વોરન્ટ મુજબ

તા.૨૮/૦૫/૨૦૨૬ ના રોજ સજાની અમલવારી પૂરી થઇ ગયેલ છે. આથી હુકમ મુજબનુ પાલન થઇ જતાં હાલની દરખાસ્ત આગળ ચલાવવાની રહી જતી ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**૧.** હાલની ક્લેઇમ દરખાસ્ત અરજી નં.૪૭/૨૦૨૫ આથી ફેસલ કરવામાં આવે છે.

**૨.** આ કામે નાઝીરશ્રીને એવો આદેશ કરવામાં આવે છે કે, સદર કામે દરખાસ્ત પ્રતિવાદીના સિવિલ જેલ દરમિયાન થયેલ ખર્ચ અને ભથ્થા અંગેની તપાસ કરી દરખાસ્ત વાદી દ્વારા જમા થયેલ રૂા. ૨૧,૦૦૦/-(અંકે રૂપિયા એકવીસ હજાર પૂરા) માંથી વધતી રકમ વાદીને પરત કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૯મી મે, ૨૦૨૬ ના જાહેર કર્યો.

જામનગર.

તા.૨૯/૦૫/૨૦૨૬

(**વિજય પ્રેમચંદ અગ્રવાલ**)
બીજા અધિક સત્ર ન્યાયાધીશ
જામનગર
કોડ નં.જીજે ૦૦૬૮૯